# Government Arts College, Kaparada

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે તા.-કપરાડા જી.-વલસાડ, પિનકોડ નં. ૩૯૬૦૬૭

સ્થાપના વર્ષ : ૨૦૧૨ ઈ - મેઈલ : gackaparada@gmail.com, URL:www.kaparadacollege.org


---

GACK/2023/

DATE : 29/08/2023

સરકારી વિનયન કોલેજ કપરાડા., જી.વલસાડ. આવક નં. 177 તારીખ 31-08-2023

## પંચ પ્રકલ્પ અંતર્ગત કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે વાર્તાલાપ કાર્યક્રમનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ, કપરાડા દ્વારા તારીખ : ૨૯/૦૮/૨૦૨૩ના રોજ કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ ગામમાં "પંચ પ્રકલ્પ અંતર્ગત કોરોના સંક્રમણ અટકવવા તથા રસીકરણ અંગે વાર્તાલાપ કાર્યક્રમનું" આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ રોહિયાળ તલાટના ગ્રામ પંચાયત ભવનમાં કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક ડૉ. પ્રફુલ્લભાઈ બી. કુરકુટિયાએ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરી કોરોના સંક્રમણ સમયે પોતાની તથા ઘરના બીજા સભ્યોની કાળજી કેવી રાખવી તે બાબતની ચર્ચા કરી તેમજ સંક્રમણ વખતે જરૂરી સાવધાની અને સમજદારી રાખી ખોટી અફવાથી દૂર રહી રસી લઈને પોતાનું જીવન બચાવી શકાય તેની સમજ ગ્રામજનોને આપી હતી. આ ઉપરાંત પોતાના ઘરની આસપાસ કે મહોલ્લામાં સ્વચ્છતા રાખવાની વાતો પણ કરી હતી. આ પ્રકારની બિમારી સમયે જ્યાં લોકોના ટોળામાં સામેલ ન થતાં ચોક્કસ અંતર જાળવી પોતાની કાળજી રાખવા અંગે વાતો કરી હતી. આવા કપરા સમયમાં બહારથી કોઈ પણ પ્રકારના ખોરાક ન લેતા શુદ્ધ અને સાત્વિક ભોજન લઈ સ્વાથ્યની સંભાળ રાખવા અંગે લોકોને સમજ આપવામાં હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કૉલેજના લાઈબ્રેરિયન શ્રી. અમિતભાઈ એન. પરમારએ કોરોનાના અલગ અલગ વેરિયન્ટ હજી પણ ચાલે જ માટે સતર્કતા વાપરીને રહેવા માટે લોકોને અપીલ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઘરની બહાર અન્ય લોકોના સંપર્કમાં આવ્યા હોય ત્યારે અનિવાર્યપણે પોતાના શરીરને સાબુ કે અન્ય મેડિકલ લિક્વિડથી સાફ કર્યા બાદ જ ઘરના અન્ય સભ્યોના સંપર્કમાં આવવા જેટલી કાળજી રાખવાનું સૂચન ગ્રામજનોને આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી અર્જુનભાઈ, CHC સેન્ટરના કર્મચારી શ્રીમતિ જાગૃતિબેન, અને આંગણવાડી વર્કર શ્રીમતિ પદમાબેન અને ગ્રામજનો તથા કોલેજના વિદ્યાર્થીઓ સહિત કુલ 27 લોકોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અંતમાં કૉલેજના લાઈબ્રેરિયન શ્રી. અમિતભાઈ એન. પરમારએ કાર્યક્રમમાં ઉપસ્થિત સરપંચશ્રી, CHC સેન્ટર અને આંગણવાડી કર્મચારીશ્રીઓનો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD • सत्यमेव जयते

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.